||ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ સાધુવર્ધનાય નમ: || (૭)

# માણસમાંની સજ્જનતા વધારવાવાળા

# શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં અર્જુનને કહ્યું છે કે –

સદ્ભાવે સાધુભાવે ચ સદિત્યેતત્પ્રયુજ્યતે |

પ્રશસ્તે કર્મણિ તથા સચ્છબ્દ: પાર્થ યુજ્યતે ||

ભાવાર્થ: - સદ્ભાવ અને સાધુત્વ એટલે સજ્જનતા એ અર્થમાં સત્ એ શબ્દ વપરાય છે. તેમજ સારા કર્મ માટે પણ સત્ એ શબ્દ વપરાય છે.

ભગવાન શ્રી સત્ય સાઇબાબા મનુષ્યની સદવૃત્તિ વધારે છે, તેમને અધિક સજ્જન થવા માટે પ્રેરણા આપે છે.

સ્વામી, તેમની કૃપા વડે ભક્તોને, વિદ્યાર્થીઓને સુધારવા માટે સતત કાર્યરત રહે છે. તથા તેમને મદદ કરે છે. તે માટે જ તેમણે અનેક શિક્ષણ સંસ્થાઓ ઊભી કરી છે. તેમાં આપવામાં આવતું શિક્ષણ મૂલ્યો ઉપર આધારિત હોય છે જેમાં નૈતિકતા અને શુદ્ધ ચરિત્ર ઉપર ભાર મૂકવામાં આવે છે. સ્વામી દ્વારા બગડેલા છોકરાઓમાં સારા ગુણો સ્થાપવા અને સારા છોકરાઓમાં તેમના આમ ગુણોની વૃદ્ધિ કરવી એ દર્શાવતી આ બે ઘટના.

પહેલી છે, ૧૯૭૩ ના વાસંતિક વર્ગની. આ વર્ગમાં ઉપસ્થિત રહેવા માટે દેશભરમાંથી અંદાજે ૮૦૦ વિદ્યાર્થીઓ આવ્યા હતા. આમાંથી બધા વિદ્યાર્થીઓને અહીંની શિસ્ત ખબર નહોતી એટલે તેમાંના બે વિદ્યાર્થીઓ શિસ્ત જોઈને અસ્વસ્થ થઈ ગયા અને એક દિવસે સાંજે તે વૃંદાવન આશ્રમમાંથી બહાર નીકળ્યા અને હોટેલમાં જઈને તેમણે માંસાહાર અને ધૂમ્રપાન કર્યું. થિયેટરમાં જઈને ચિત્રપટ જોઈને પાછા આવ્યા અને ચુપચાપ સૂઈ ગયા. તેમને લાગ્યું કે, આ વાતની કોઈને ખબર નથી. પણ સર્વજ્ઞ સ્વામીથી કાંઈ છૂપાય? બીજે દિવસે સવારે જ સ્વામીએ તેમને પાસે બોલાવીને આ બાબત પૂછપરછ (વિચારણા) કરી. પ્રથમ તેમણે બધી વાત નકારી, પરંતુ જ્યારે સ્વામીએ ધૂમ્રપાન કરતી વખતનો ફોટો તેમને ઉદ્ભવ કરીને બતાવ્યો ત્યારે એ બંને શરમાઈ ગયા

અને પશ્ચાત્તાપથી રડવા લાગ્યા. વાત્સલ્યમૂર્તિ શ્રી સ્વામીએ તેમને માફ કર્યા, તે કેવળ તેઓ સદ્‌ગુણો ધારણ કરે તેની વૃદ્ધિ થાય એટલા માટે જ.

બીજી ઘટના છે, વિદ્યાર્થીઓના વસતીગૃહમાંની, એક રાત્રે વસતીગૃહની લાઈટ ગયેલી હતી ત્યારે અચાનક એક વિદ્યાર્થીને સ્વામીનો અવાજ સંભળાયો. હાથ પાછળ કર." તેણે તે પ્રમાણે કરતા જ તેના હાથમાં સ્વામીએ મોતીચુરનો લાડુ મૂક્યો. બે મિનિટમાં જ લાઈટ પાછી આવી. ત્યારે વસતીગૃહમાંના પ્રત્યેક વિદ્યાર્થીના ધ્યાનમાં આવ્યું કે, બધાના હાથમાં લાડુ છે. જે અનુભવ એક વિદ્યાર્થીને થયો, તે જ અનુભવ બધાને થયો હતો. એટલે પ્રત્યેક વિદ્યાર્થીને સ્વામીનો અવાજ સંભળાયો હતો અને બધાના હાથમાં લાડુ હતો. બધાને જ અતિ આનંદ થયો.

સ્વામીએ આ લીલા કેમ કરી હશે? આમાંથી વિદ્યાર્થીઓને આનંદ આપવો એ ભાવના તો હશે જ પણ તેમનામાં સારા ગુણ, નૈતિકતા વધારવા, તે પણ હેતુ હશે.

||ॐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ||